# વાંચન એ કલા છે

વ્યક્તિ જેટલી સાહજિકતાથી શ્રવણ અને કથન કરે છે તેટલી સાહજિકતાથી વાંચન કરી શકતો નથી, કારણ કે વાચક માટે પ્રતીકો/સંજ્ઞાનું ધ્વનિકરણમાં રૂપાંતર કરી સમજવાની પ્રક્રિયા છે. વાંચન પ્રક્રિયા એ બાળકના વૃદ્ધિ-વિકાસ જેવી સાહજિક નથી, માટે તો પ્રૌઢોને પણ વાંચન શીખવવાના કાર્યક્રમો કરવા પડે છે.

વાંચન એટલે શું ? રોબિન્સનના મતે વાંચન એટલે લખેલા શબ્દો કે ભાષાના ધ્વનિઓના દશ્ય સંકેતો ઓળખીને તેમનો અર્થ સમજવાની પ્રક્રિયા. તો વળી વાંચન વિશે બેટ્સ કહે છે, વાચન એ ચિંતનશીલ, વિચારશીલ પ્રક્રિયા છે. વાંચન એ મનોશારીરિક પ્રક્રિયા છે. જેમાં આંખ વડે જોઇએ છીએ તે શારીરિક પાસું છે, જ્યારે તેનો અર્થ સમજવાની પ્રક્રિયાએ માનસિક પ્રક્રિયા છે.અભણ માણસ લખાણ જૂએ છે, પણ તેનું અર્થઘટન કરી શકતો નથી. તેવી જ રીતે ધો.૭-૮ માં અભ્યાસ કરતું બાળક કોલેજ કક્ષાની અંગ્રેજીના પુસ્તકમાં છાપેલા અક્ષરો વાંચી શકે છે, પણ તેનો અર્થ સમજી શકતો નથી. આમ વાંચન માટે છાપેલા-મુદ્રિત થયેલા ધ્વનિ સંકેતો ઉકેલવા-ઓળખવા અને સાથે તેનો અર્થ સમજવો તે બાબત મહત્ત્વની છે.

ભાષાના દશ્ય માધ્યમ દ્વારા પ્રગટતા વાક્યો પારખીને તેમને સાચા અર્થમાં ગ્રહણ કરવાના સંદર્ભમાં જોઇએ તો વાચન એ સ્વીકારાત્મક કૌશલ્ય છે. પરંતુ જરા ઊંડાણથી વિચારીએ તો ખ્યાલ આવે  કે જ્યારે આપણે વાંચીએ છીએ ત્યારે જેટલું વંચાયુ હોય છે તેને આધારે હવે પછી શું આવશે તેની આગાહી પણ કરી શકીએ છીએ. લખનારે લખાણમાં મૂકેલા સંદર્ભને આપણે આ રીતે પામી લઇએ છીએ. અર્થઘટન દ્વારા લેખકે રજૂ કરેલો સંવાદ આપણે ફરીથી સર્જી શકીએ છીએ તે રીતે વાંચનનું કૌશલ્ય માત્ર સ્વીકારાત્મક ન રહેતાં તે સર્જનાત્મક કૌશલ્ય બની જાય છે. ટૂંકમાં વ્યક્તિએ અનેક શબ્દો ઉચ્ચારાતા સાંભળ્યા હોય છે. આવા શબ્દો લિપિબદ્ધ થઇને વ્યક્તિની સામે આવે છે. વ્યક્તિ વાંચે છે. જે શબ્દો વાંચે છે તેનો અર્થ સમજવાનો પ્રયત્ન કરે છે. આમ જોતાં વાંચન એ કલા છે. જેમાં વ્યક્તિ પોતાના પ્રયત્નોથી પોતાની શક્તિઓ પ્રમાણે વિકાસ સાધી શકે છે. અન્ય વ્યક્તિ તો માત્ર પ્રેરણા જ આપી શકે.

વાંચન કૌશલ્યનું મહત્ત્વ આપણા જીવનમાં ઘણું છે. પ્રવર્તમાન સમયમાં જ્ઞાનનો વિસ્ફોટ થતો રહે છે, જે પુસ્તક સ્વરૂપે પણ બહાર આવે છે અને તે જ્ઞાનભંડાર વાંચન વિના પ્રાપ્ત થઇ શકે તેમ નથી. માહિતી, સંદેશા કે વિચારોની આપલે સ્થળકાળથી પર રહીને થઇ શકે છે. વાંચન એક એવું હથિયાર છે કે, તમે ઇચ્છો ત્યાં અને ઇચ્છો ત્યારે તેનો ઉપયોગ કરી શકો છો. ટી.વી. જોવા કે ઇન્ટરનેટનો ઉપયોગ કરવા માટે તમારે અન્ય ઘણી સાધન સામગ્રીની જરૂર પડે અને તેનો ઉપયોગ મોટાભાગે ચાર દીવાલ વચ્ચે જ કરી શકાય છે. જ્યારે વાંચન તો આહા....હાથવગું, ઇચ્છિત સાધન. બસમાં બેઠાંબેઠાં કે પાનના ગલ્લે ઊભાઊભા પણ તેનો ઉપયોગ કરીને હેતુ પાર પાડી શકાય છે. રોજબરોજના વ્યવહારમાં અનુકૂળતા પ્રાપ્ત કરવા કે પોતાના વ્યવસાયમાં વધુ સફળ થવા વાંચન અત્યંત આવશ્યક છે. વાંચનથી માત્ર માહિતી કે જ્ઞાન જ નથી મળતું તમે મનોરંજન પણ મેળવી શકો છો. મુસાફરી દરમિયાન કે દવાખાને લાઇનથી કંટાળેલ માણસ સમય પસાર કરવા મોટાભાગે વાંચનનો જ સહારો લે છે. આમ થતાં નવરાશની ક્ષણોનો સદ્ઉપયોગ થાય છે. દરેક વ્યક્તિની એક અદમ્ય આંતરિક ઇચ્છા હોય જ છે કે તે સમૂહના સભયોમાં અન્ય

કરતાં વિશિષ્ટ દેખાય અને હકારાત્મક રીતે અલગ તરી આવે. આ માટે વ્યક્તિએ એક કરતાં વધુ પ્રયત્નો કરવા પડે છે, જેમાંનો એક પ્રયત્ન વાંચન છે.

વ્યક્તિના વ્યક્તિત્વ ઘડતરમાં વાંચનનો ખૂબ જ મોટો ફાળો છે. નિયમિત પણે વાચન કરતો વ્યક્તિ અને વાચન નહીં કરતા વ્યકિત વચ્ચે આપણને અસામાન્ય ભેદ જોવા મળે છે. માટે તો વિશિષ્ટ બનવા વિશિષ્ટ વાચન કરવું જરૂરી છે. સંસ્કૃતિને જાણવા, સંરક્ષણ અને સંવર્ધન કરવા માટે પણ વાચન જરૂરી છે. વાચનના ઘણાં પ્રકાર પડે છે. જેમાં મુખ્યત્વે મુખવાચન (બોલીને) અને મૂકવાચન (શાંત) છે. આ ઉપરાંત શાળા કક્ષાએ ઇતરવાચન એટલે કે પાઠયક્રમ અનુસાર તૈયાર થયેલા પાઠયપુસ્તક સિવાયના પુસ્તકોનું વાચન, વિશેષવાચન કે પૂરકવાચન એટલે કે સઘન અધ્યયન માટે પાઠયપુસ્તકીય કૃતિઓ ઉપરાંતની કૃતિઓ અને શિષ્ટવાચન એટલે કે સંસ્કાર પોષક અને શિષ્ટ ભાવનાવાળી કૃતિ કે પુસ્તકનું વાંચન. આવા વાંચનને કારણે વ્યક્તિને આનંદ મળે છે, શોખ પૂરો થાય છે. ઉપરાંત સંસ્કારિતાના પાઠ પણ શીખે છે.

વાંચનનું વ્યક્તિગત અને સામાજિક જીવનમાં આગવું મહત્ત્વ છે. માટે તો અપણા રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ સ્વર્ણિમ ગુજરાતની ઉજવણીમાં "વાંચે ગુજરાત" નું ઉમેરણ કરીને લોકોને વધુ જાગૃત કરવા અને સામાજિક બનાવવાનો નવતર રાહ ચીંધ્યો છે. "વાંચે ગુજરાત"ની વાત કરતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવેલ કે, વાંચન રૂપી હથિયારનો ઉપયોગ બાળકોથી માંડીને વૃદ્ધો સુધી સૌ કરી શકે છે. વાંચન વિચારવા મજબૂર કરે છે અને વિચારવંત વ્યક્તિ વિકાસ સાધી શકે છે. આ સદી જ્ઞાનની સદી છે. જે માટે દરેકના ઘરમાં ઓછામાં ઓછા પચાસ પુસ્તકો હોવા જ જોઇએ અને ગામડે ગામડે ગ્રંથમંદીરો હોવા જોઇએ. જેમાં દરેક વ્યક્તિ, સંસ્થાનો સહયોગ આવશ્યક છે. દાન આપો તો પુસ્તકોરૂપે આપો. કોઇના જન્મદિવસે કે લગ્નમાં પણ પુસ્તકરૂપે ભેટ આપો. આજના આધુનિક ગણાતા મા-બાપને ચાબખો મારતાં કહેલું કે, મા-બાપ માત્ર પાઠયપુસ્તકો જ વાંચવાનું કહે છે ! લોકોને વાંચવા તરફ પ્રેરિત કરવાના ભાગરૂપે "તરતું પુસ્તક" પણ નવો વિચાર છે. મુખ્યમંત્રીશ્રીની આ હાકલને સૌ ગુજરાતીએ વધાવી લેવી જોઇએ.

મુખવાચન દરમિયાન કેટલીક વ્યક્તિમાં કેટલાક દોષ જોવા મળે છે. જેમકે, શબ્દોને ઓળખવામાં મુશ્કેલી, નેત્રગતિમાં ખામી, અશુદ્ધ ઉચ્ચારણ, અર્થગ્રહણમાં મુશ્કેલી, ધીમી ગતિએ વાચન વગેરે. તો વળી મૂકવાચન દરમિયાન પણ કેટલાક દોષો જોવા મળે છે. જેમકે, શબ્દ નીચે આંગળી મૂકીને વાચવું, માથું હલાવીને વાંચવું, ધીમા અવાજ સાથે વાંચવું, હોથ ફફડાવીને વાંચવું વગેરે. આ દરેક દોષના નિવારણ માટે યોગ્ય વ્યક્તિનું માર્ગદર્શન અને યોગ્ય પ્રયુક્તિનો ઉપયોગ મદદરૂપ બને. જો તમારે તમારી વાચન ઝડપ માપવી હોય તો એક મિનિટમાં વાંચેલા શબ્દોની સંખ્યાને વાંચન માટે લાગેલા સમય વડે ભાગાકાર કરો. જેથી એક મિનિટમાં તમે જેટલા શબ્દો વાંચી શકો તે તમારી વાંચન ઝડપ થઇ કહેવાય.

**પિપૂડી:**

**જે ઘરની ચાર દીવાલની બહાર તુલસી ક્યારો ન હોય કે ઘરની ચાર દીવાલની અંદર પુસ્તકો ન હોય, ત્યાં દીકરી આપતાં પહેલાં સો વાર વિચાર કરજો.**